પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૦૯ | ૨૧ જાન્યુઆરી, ૨૦૨૦, મંગળવાર; પોષ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભાજપના અધ્યક્ષપદે જેપી નડ્ડાની તાજપોશી

**પ્રમુખ તરીકે જેપી નડ્ડાની અવધિ ૨૦૨૨ સુધી રહેશે : અધ્યક્ષ તરીકે નિમણૂંક સંબંધિત ભવ્ય કાર્યક્રમમાં મોદી, અમિત શાહ, યોગી, રૂપાણી સહિત તમામ ઉપસ્થિત : ભાજપના તમામ દિગ્ગજો દ્વારા શુભેચ્છાઓ**




નવીદિલ્હી, તા. ૨૦

જગત પ્રકાશ નડ્ડા (જેપી નડ્ડા) હવે ભાજપના નવા અધ્યક્ષ બની ગયા છે. જેપી નડ્ડાની ભાજપ અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવતા આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. આની સાથે જ ભાજપમાં હવે નડ્ડા યુગની શરૂઆત થઈ છે. તેમની અવધિ ૨૦૨૨ સુધી રહેશે. પાર્ટીના સંગઠન ચૂંટણી પ્રભારી રાધામોહનસિંહે આજે તેમની નિમણૂંક અંગેની જાહેરાત કરી હતી. ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીની તમામ બંધારણીય પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી હતી. જગત પ્રકાશ નડ્ડા ૨૦૧૯થી ૨૦૨૨ સુધી સર્વસંમતિથી અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા છે. રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા બાદ વર્તમાન

અધ્યક્ષ અને કેન્દ્રીયમંત્રી અમિત શાહ અને વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓએ નડ્ડાને શુભેચ્છા પાઠવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પહેલા ભાજપના તત્કાલીન રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીયમંત્રી અમિત શાહે જેપી નડ્ડાને રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવા માટે પ્રસ્તાવ સંગઠન ચૂંટણી પ્રભારી રાધામોહનસિંહને સોંપ્યો હતો. નડ્ડાની બિનહરીફ પસંદગી કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# ટેકનોલોજીના ગુલામ નહિ મિત્ર બનો : વિદ્યાર્થીઓને મોદીની શીખ

**વડાપ્રધાને તાલકટોરા સ્ટેડિયમમાં વિદ્યાર્થીઓ સાથે 'પરીક્ષા પે ચર્ચા' કરી : કંઇક બનવાની નહીં પણ કંઇક કરવાના સપના જુઓ**



ન્યુ દિલ્હી,તા.૨૦

દેશની માધ્યમિક અને ઉચ્ચતર શાળાઓમાં ટૂંક સમયમાં પરીક્ષાઓની મોસમ શરૂ થવાની છે ત્યારે ગયા વર્ષ જેમ આ વખતે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં દેશભરમાંથી આવેલા વિદ્યાર્થીઓને પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં એક મિત્ર તરીકે સોનેરી સલાહો આપીને તેમને તણાવમુક્ત બનીને પરીક્ષા આપવા તથા ચંદ્રયાન મિશનની નિષ્ફળતાનો દાખલો આપીને એક વડીલ અને શિક્ષક તરીકે પ્રેરણા આપી હતી કે જીવનમાં નિષ્ફળતા એ સફળતાની પ્રથમ સીડી છે તેથી તેનાથી નાસીપાસ ન થતાં પ્રયત્નો ચાલુ રાખવા જણાવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાને પોતાના બાળકોને પરીક્ષામાં સારા ગુણ લાવવા દબાણ કરતાં વાલીઓને અને વિદ્યાર્થીઓને પણ સલાહ આપી હતી કે પરીક્ષામાં સારા ગુણ જ સર્વેસર્વા નથી. કોઈ એક પરીક્ષા આખી જિંદગી નથી. આ એક મહત્વપૂર્ણ પડાવ છે. પરંતુ આ જ બધુ છે એવુ ન માનવુ જોઈએ. હું માતાપિતાને પણ આગ્રહ કરુ છુ કે બાળકોને એવી વાતો ન કરો કે પરીક્ષા જ બધુ છે.

દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમ ખાતે અંદોજે ૨ હજાર વિદ્યાર્થીઓને દેશશના વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

# લદ્દાખમાં ઘૂસણખોરી કરતાં ચીની સૈનિકોને ખદેડાયા

**લદાખ સરહદે ઘુસણખોરી કરતા ચીની સૈનિકોને ભારતીય સેનાએ ખદેડ્યા : ચીન સૈનિકોનો નવો પેંતરો, ઘૂસણખોરી માટે ઘેટા-બકરા ચરવા જતા ચરવૈયાઓને આગળ કર્યા**

ન્યુ દિલ્હી,તા.૨૦

ડોકલામ બાદ એક વખત ફરીથી ચીની સૈનિકો સામ-સામે આવી ગયા છે. આ સ્થિતિ ચીની સૈનિકોની ઘૂસણખોરી બાદ સામે આવી છે. આ ઘૂસણખોરી ચીની સૈનિકોએ લદ્દાખમાં કરી છે. કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખમાં ડિસેમ્બરના છેલ્લાં સપ્તાહમાં થયેલી આ ઘૂસણખોરીને લઈ ચીની સેનાએ નવી ટ્રિક અપનાવી છે. આ વખતે તેમણે ભારતીય વિસ્તારમાં પોતાના ઘેટા-બકરા ચરવા જતા ચરવૈયાઓને આગળ કર્યા છે. પરંતુ ભારતીય સૈનિકોએ આ ચરવૈયાઓ અને તેમની સેનાને ખદેડી મૂકયા છે.

કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખમાં ચીનને અડીને આવેલી સરહદ એટલે કે લાઈન ઓફ એક્ચુઅલ કંટ્રોલ પર ચીની સેનાએ ઘૂસણખોરી કરી છે. લદ્દાખના ચતુર વિસ્તારમાં ચીની સૈનિકોએ આ ઘૂસણખોરી કરાવી છે. તેના માટે તેમણે પોતાના ચરવૈયાઓને ઘેટા-બકરાની સાથે ભારતીય સરહદમાં જવા દીધા.

ચીની વિસ્તારના ચરવૈયા ભારતીય વિસ્તારના ચરવૈયાઓને માત્ર આ વિસ્તારમાં આવવા પર જ નારાજગી વ્યક્ત કરી રહ્યા નથી પરંતુ ખુદ ભારતીય વિસ્તારમાં ઘૂસણખોરી કરી રહ્યા છે. આ ચરવૈયાઓને ચીની સૈનિક મદદ કરે છે. ઘટના ચતુર વિસ્તારના ખુલે સેકટરમાં બની. જ્યાં ભારતીય ચરવૈયાઓ ઘેટા-બકરાને ચરાવા માટે લઈ જઈ રહ્યા હતા. ત્યારે ચીની સૈનિકોએ તેમને આ વિસ્તારમાં આવવાથી

● અનુસંધાન પાન-૭ પર

# મોદી સરકાર પાસે પૈસાની કોઈ કમી નથી, નિર્ણય શક્તિનો અભાવ : ગડકરી

**કેન્દ્ર સરકારની કાર્યશૈલીની ટીકા કરતાં સરકારના જ મંત્રી**

નાગપુર,તા.૨૦

કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ ખાતાના પ્રધાન નીતિન ગડકરીએ એક કાર્યક્રમમાં એક નિવેદન કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને એમની સરકારને આંચકો આપ્યો છે. કેન્દ્ર સરકારની કાર્યશૈલીની ટીકા કરતાં ગડકરીએ કહ્યું હતું કે, હું સાચું કહું છું, સરકાર પાસે પૈસાની તંગી નથી, પણ સરકારમાં નિર્ણય લેવાની હિંમત નથી.



સરકારી યોજનાઓ પૂરી કરવા માટે સરકાર પાસે પૈસાની કોઈ તંગી નથી, પણ નિર્ણય લેવા માટે જે હિંમત, માનસિકતા જોઈએ એ સરકાર પાસે નથી. ગડકરીએ કહ્યું કે સરકારી યોજનાઓમાં કામ ન થવા માટે સરકારની માનસિકતા અને નકારાત્મક વલણ જ જવાબદાર છે.

ગડકરીએ દાવો કર્યો કે છેલ્લા પાંચ વર્ષમાં મેં ૧૭ લાખ કરોડ રૂપિયાનાં સરકારી કામકાજો કરાવ્યા છે અને આ વર્ષમાં પાંચ લાખ કરોડ રૂપિયાનાં કામકાજો કરવાનો એમનો લક્ષ્યાંક છે.

ગડકરીએ ગયા શનિવારે આઈએએસ અધિકારીઓ સાથેની બેઠકમાં થયેલી વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

# કોર્પોરેટ ટેક્સમાં વધુ ઘટાડો કરવાની હિલચાલ

**સીઆઈઆઈ દ્વારા કોર્પોરેટ ટેક્સને ઘટાડીને ૧૫ ટકા કરવાની માંગ : હલવા સેરેમનીની સાથે જ બજેટ દસ્તાવેજોના પ્રકાશનની પ્રક્રિયા શરૂ કરાઈ : નાણામંત્રી સેરેમનીમાં ઉપસ્થિત**



નવીદિલ્હી, તા. ૨૦

હલવા સેરેમનીની સાથે જ બજેટ દસ્તાવેજોના પ્રકાશનની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર બજેટ પહેલા સૌથી વધારે ચર્ચા કોર્પોરેટ ટેક્સમાં કાપને લઈને થઈ રહી છે. ઉદ્યોગમંડળ સીઆઈઆઈએ આને ઘટાડીને ૨૦૨૩ સુધી ૧૫ ટકા કરવાની માંગ કરી છે. આ પગલાથી મૂડીરોકાણમાં તેજી આવવાની શક્યતા દેખાઈ રહી છે. કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો કરવાની માંગ કરવામાં આવ્યા બાદ બજેટમાં કયા પગલા લેવામાં આવે છે તેને લઈને જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. મોદી સરકાર ૨૦૧૪થી સતત કેન્દ્રમાં છે. આવી સ્થિતિમાં કોર્પોરેટ ટેક્સને લઈને હજુ સુધી લેવામાં આવેલા મુખ્ય પગલાની વાત કરવામાં આવે તો પહેલી ફેબ્રુઆરી ૨૦૧૮ના દિવસે બજેટ ૨૦૧૮-૧૯માં તત્કાલિન નાણામંત્રી અરુણ જેટલીએ કોર્પોરેટ ટેક્સમાં કાપની જાહેરાત

● અનુસંધાન પાન-૭ પર

# રોડ શોના કારણે કેજરીવાલ ઉમેદવારી નોંધાવવા મોડા પડ્યા

**આજે ઉમેદવારી પત્રો ભરશે : આજે ઉમેદવારીનો છેલ્લો દિવસ : રોડ શોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા : કેજરીવાલે લોકો સાથે સીધી વાત કરી**

નવીદિલ્હી, તા. ૨૦

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે દિલ્હી વિધાનસભાની ચૂંટણીને લઈને તેમની ઉમેદવારી નોંધાવી શક્યા ન હતા. રોડ શોના પરિણામ સ્વરુપે મોડુ થઈ જતાં હવે આવતીકાલે ઉમેદવારીપત્ર દાખલ કરશે. અરવિંદ કેજરીવાલ આજે દિવસમાં આશરે ૧૨ વાગે ઉમેદવારીપત્ર દાખલ કરવા માટે નિકળ્યા હતા. આ ગાળા દરમિયાન તેઓએ વાલ્મિકી મંદિરથી પટેલ ચોક સુધી રોડ શો યોજ્યો હતો જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. રોડ શોને સંબોધિત કરતા અરવિંદ કેજરીવાલે કહ્યું હતું કે, મોટી સંખ્યામાં તેમના સમર્થકો પહોંચી ગયા છે. અમે તેમને છોડીને જવા માટે ઈચ્છુક નથી. આવી સ્થિતિમાં હવે આવતીકાલે ઉમેદવારીપત્ર દાખલ કરવામાં આવનાર છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીને લઈને ઉમેદવારીપત્ર દાખલ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે અને આવતીકાલે મંગળવારના દિવસે ઉમેદવારી દાખલ કરવાની છેલ્લી તારીખ છે.




